# ભારે વરસાદના પગલે અમદાવાદ જળબંબાકાર

## બારે મેઘખાંગા બાદ જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ : શહેરમાં સવારે ૬થી ૧૦ વાગ્ય વચ્ચેના ગાળામાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબક્યો : દક્ષિણ ઝોન ખાતે સૌથી વધુ છ ઇંચ વરસાદ : સાંજે સ્થિતિ સુધરી

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેરમા આજે સવારે મેઘખાંગાના કારણે સમગ્ર શહેર જળબંબાકાર થઈ જતા ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. શહેરના તમામ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. દુકાનો અને મકાનોમાં વરસાદી પાણી ઘૂસી ગયા હતા. દક્ષિણ ઝોનમાં સૌથી વધુ છ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો જ્યારે પશ્ચિમ ઝોનમાં ૫.૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. નવા પશ્ચિમ ઝોનમાં ૪.૫ ઈંચથી વધુ વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. જ્યારે વેજલપુર, બોડકદેવ, રાણીપ, મણિનગર, બહેરામપુરામાં ૪.૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. નિંચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ જતા ફાયર બ્રિગેડની ટુકડીને બપોર સુધી સ્થિતિમાં સુધાર થયો ન હતો. કેટલાક વિસ્તારમાં સાંજ સુધી સ્થિતિ હળવી બની ન હતી. મ્યુનિ સત્તાવાળાઓને ફાયર બ્રિગેડને એલર્ટ કરી દેવાની ફરજ પડી હતી. અમદાવાદ શહેરમાં સવારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાયા બાદ બપોર પછી સ્થિતિ સુધરી હતી પરંતુ લોકો યથાવતરીતે અટવાયેલા રહ્યા હતા.

અમદાવાદ શહેરમાં ગઈકાલે મોડી રાત્રે શરૂ થયેલા વરસાદે આજે ભારેં મુશ્કેલી સર્જી હતી. ચારે બાજુ પાણી ભરાઇ ગયા હતા. ભારે વરસાદના કારણે શહેરના તમામ વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા. જનજીવન સંપૂર્ણ પણે ખોરવાઇ ગયું થવાના અનેક બનાવો પણ બન્યા હતા.

ચારે બાજુ પાણી પાણી ભરાઇ ગયા હતા. સવારમાં સ્કુલોમાં પણ રજા જાહેર કરી દેવામાં આવી હતી. ગઈકાલથી જ વરસાદ તૂટી પડ્યો હતો વિસ્તારોમાં સ્થિતિ કફોડી બની હતી. નીચાણવાળી વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. પીક અવર્સ દરમિયાન જ વરસાદ શરૂ થાતં કેટલીય જગ્યાએ ટ્રાફીકજામની સમસ્યા ઉભી થઈ હતી.





### શહેરનો પૂર્વ વિસ્તાર ચાર ઈંચ વરસાદ થતા બેટમાં ફેરવાયો

અમદાવાદ, તા.૨૫

મેટ્રોપોલીટન સીટી અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વહેલી પરોઢે શરૂ થયેલા ભારે વરસાદથી અને ખારીકટ કેનાલમાં સમયસર પાણી છોડવામાં ન આવતા સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો હતો. કોર્પોરેશનના સત્તાધીશો ઉંઘતા ઝડપાયા હતા. શહેરના સેટેલાઈટ, જોધપુર, શ્યામલ ચાર રસ્તા,ો વેજલપુર, જીવરાજપાર્ક, વાસણા, અખબારનગર, અંકુર, અમરાઈવાડી, મણીનગર વગેરે વિસ્તારોમાં લોકોના ઘર અને દુકાનોમાં પાણી ભરાઈ ગયા હતા. અને લાખો રૂપિયાનો માલ-સામાન અને ઘરવકરીને નુકશાન થયું હતું.

કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા સમયસર કાર્યવાહી ન કરાતા શહેરના પૂર્વ વિસ્તારમાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. જ્યારે ખારીકટ કેનાલમાં પાણી ન હતું ત્યારે અધિકારીઓએ વરસાદનો જમા થયેલ પાણી સમયસર કેનાલમાં છોડ્યું ન હતું. જેના લીધે લોકોના ઘરો અને દુકાનોમાં પાણી ભરાઈ ગયું હતું. શહેરના મણીનગર, ખોખરા દક્ષિણિ અન્ડરપાસ, હાટકેશ્વર સર્કલ, એક્સપ્રેસ ગોરનો કુવો વગેરે જેવા વિસ્તારોની સોસાયટી અને સેટેલાઈટ, મણિનગર, અમરાઈવાડી, વાસણા સહિતના વિસ્તારોમાં લોકોના ઘરમાં અને દુકાનોમાં પાણી ભરાયા

સૂત્રોના જણાવ્યા મુજબ સવારે ૬ વાગ્યાથી લઈને ૧૦ વાગ્ય વચ્ચેના ટૂંકા ગાળામાં જ ચાર ઈંચથી વધુ વરસાદ તૂટી પડ્યો હતો. શહેરમાં ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. અનેક સ્થળોએ હતો. મધ્યમાં ચાર અને ઉત્તરમાં ૩.૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. ઉસ્માનપુરા, પાલડી, ટાગોર હોલ વિસ્તારમાં ૫.૫ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. ચાંદખેડા વિસ્તારમાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાયા પણભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. શહેરમાં પાણી ભરાઈ ગયા બાદ પાણી ઉતરવામાં પણ કલાકોનો સમય લાગ્યો હતો જેથી લોકો અટવાયેલા રહ્યા હતા. બેથી ચાર કલાકનો ગાળો પાણી ઉતરવામાં લાગ્યો હતો છતાં શહેરમાં હતું. ચારે બાજુ પાણી ભરાઇ જવાના કારણે લોકો જુદી જુદી જગ્યાએ સવારમાં અટવાઇ પડ્યા હતા. સંપૂર્ણ પણે અંધાધુંધી રહી હતી. લોકો સામે મુશ્કેલી રહેતા અફડાતફડી જોવા મળી હતી. વિવિધ વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી જેથી નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સવારે પણ વરસાદ પડ્યો હતો જેથી ઓફિસ જતા લોકોને ઘણી પરેશાની થઈ ગઈ હતી. ભારે વરસાદ શરૂ થતાં લોકો ઘરમાં પુરાઈ ગયા હતા. તેમજ નીચાણવાળા અમદાવાદમાં ગઈ કાલે પણ જોરદાર વરસાદ પડ્યો હતો. ૨૮મી સપ્ટેમ્બર સુધી વરસાદ જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. નારણપુરા, નવરંગપુરા, સૈજપુર, થલતેજમાં પણ વરસાદના કારણે લોકો પરેશાન રહ્યા હતા.

### બી.પી. કોલેજના વિદ્યાર્થીઓ મધર ડેરીની મુલાકાતે

ગાંધીનગર શહેરની સે-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશનના વિદ્યાર્થીઓએ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. રમાકાંત પૃષ્ટીની રાહબરી હેઠળ કંપની વીઝીટના હેતુથી ભાટ ગામે આવેલી પ્રખ્યાત મધર ડેરીના પ્લાન્ટની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ દૂધ અને દૂધને લગતી પ્રોડકટસ વિશે વિસ્તૃત માહિતી ડેરીના કર્મચારીઓ પાસેથી મેળવી હતી. આ મુલાકાતમાં કોલેજના ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. માર્ગી દેસાઈ, શીતલ પટેલ અને જીજ્ઞેશ ઠક્કર વગેરે પ્રાધ્યાપકો વિદ્યાર્થીઓના માર્ગદર્શન અર્થે સાથે જોડાયા હતા.






(તસવીર : આશિષ કાકડીયા, સુરત)

સુરતમાં પૂરનું સંકટ તો ટળી ગયું પણ બુધવારે સવારથી જ સુરતમાં ધોધમાર વરસાદ પડવાને કારણે ફરીથી નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જેના પરિણામે પૂર જેવી સ્થિતિ પુનઃ સર્જાઈ હતી. સુરતના વેડરોડ, હોડી બંગલા, ડભોલી, અડાજણ, વરાછા સહિતના અનેક વિસ્તારોમાં વરસાદના પાણી ઘુસી જતાં લોકોમાં ફરીથી પૂરનો ફફડાટ શરૂ થયો છે. આજે સતત ત્રીજા દિવસે પણ શાળા-કોલેજો બંધ રાખવાની ફરજ પડી હતી. કેટલાક વિસ્તારોમાં ખાડીના પાણીના કારણે પૂર જેવી હોનારત સર્જાઈ છે.

### શબ્દાવલી - ૫૧૮૭



**આડી ચાવી**

૧. ઘડાયેલું, પાકું (૨)
૨. ... કહતે હૈ બડા નામ કરેલા... (૨)
૪. પક્ષીઓને નખાતા દાણા (૨)
૫. તવાયફ (૪)
૬. એક શાક (૩)
૭. પતરવેલીયા (૩)
૯. બટેકા કેળા વગેરેની ચીપ્સ (૩)
૧૨. દર્દ, બિમારી (૨)
૧૩. માણસાઈ, લાયકી (૪)
૧૫. હિંમત, તાકાત (૨)
૧૭. એક માપ, ઊંચાઈ (૨)
૧૯. સૂર્યના તેજસ્વી રેખા (૩)
૨૦. પુષ્કળ, ખુબ (૪)
૨૨. રૂંવાડા (૨)
૨૩. મકાનને મજબૂત કરવા નખાતો પાયો (૩)

**ઊભી ચાવી**

૧. સમારકામ, મરમ્મત (૪)
૨. જળ, તીર (૨)
૩. કાચાના હોય તેવા (૨)
૪. પંખીઓને દાણા નાખવાની જગ્યા, પરબડી (૪)
૫. યુનિફોર્મ (૪)
૮. ભેંકડો, મોટે મોટેથી રડવું તે (૩)
૧૦. થઈ જવું, ભાગી જવું (૩)
૧૧. નકામુ, ફાલતું (૨)
૧૪. ટંટો, ઝગડો (૪)
૧૫. ઘોંઘાટ, અવાજ (૩)
૧૬. પોચુ, કુણું (૩)
૧૮. ઔષધી (૨)
૨૦. ઢોરને ખાવા અપાતું ઘાસ (૨)
૨૧. છુટ્ટી, હોલીડે (૨)

**શબ્દાવલી ૫૧૮૬ના જવાબ**

**આડી ચાવી :-** (૧) તિસમારખા (૩) યાદી (૫) ટકટક (૭) ડરપોક (૧૦) ટકોરો (૧૧) મડ (૧૨) માણકી (૧૩) મનન (૧૬) તાસક (૧૭) સાથીદાર (૧૯) લીકેજ (૨૧) દવા (૨૨) ફર્જ (૨૩) કણકી

**ઊભી ચાવી :-** (૧) તિકડમ (૨) ખાટ (૩) વાટકો (૪) દીકરો (૬) કટકી (૮) રડમસ (૯) કમાન (૧૪) નકલી (૧૫) દરવાન (૧૬) તારીફ (૧૭) સાજણ (૧૮) દાદ (૨૦) કેક

## મહાત્મા મંદિરમાં રાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ

# હવે યુવાશક્તિને કૌશલ્યવાન બનાવવા જરૂર : મુખ્યપ્રધાન

### ગુજરાતના સ્કીલ ડેવલોપમેન્ટ મોડલને ભારત સરકારે પણ સ્વીકાર કર્યુ : કેન્દ્ર સ્કીલ ડેવલોપમેન્ટ માટે અવઢવમાં

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં કૌશલ્ય વિકાસની રાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કરતાં ભારતની યુવાશક્તિની કૌશલ્યવાન બનાવવાનું પ્રેરક આહ્વાન કર્યુ હતું. ભારતને શક્તિશાળી બનાવવા યુવાભારત પોતાનું સામર્થ્ય બતાવવા તત્પર છે તેને કૌશલ્ય વિકાસના અવસરો મળવા જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું. ગુજરાતે આ દિશામાં પહેલ કરી છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. એકાત્મવાદના પ્રણેતા પંડિત દિનદયાળ ઉપાધ્યાયના જન્મદિવસે, ભારતમાં સ્કીલ ડેવલપમેન્ટને કેન્દ્રસ્થાને રાખીને રાષ્ટ્રીયકક્ષાનું ચિંતન કરવાની પહેલ ગુજરાતે કરી છે. આજે મહાત્મા મંદિરમાં ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના ઉપક્રમે કૌશલ્ય વિકાસની રાષ્ટ્રીય પરિષદનો શાનદાર પ્રારંભ થયો હતો. આ પરિષદમાં દેશભરમાં યુવાનોના સ્કીલ ડેવલપમેન્ટની આ પરિષદમાં ૨૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૫૦૦૦ ડેલીગેટો અને તજજ્ઞો ભાગ લઈ રહ્યા છે, જેમાં વિદેશી મહાનુભાવો અને કેન્દ્ર સરકાર તથા કેન્દ્રીય એજન્સીઓના નિષ્ણાંતો ભાગ લેવા આવેલ છે. મહાત્મા મંદિરમાં યુવા ભારતનો સાક્ષાત્કાર થયો છે તેનું ગૌરવ કરતાં નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે વિરાટ ભારતના વિકાસ માટેના સપનાં સાકાર કરવા આ યુવાપેઢી તત્પર છે. ટેકનોલોજીએ વ્યવસ્થાઓ અને વિકાસના પરીણામો બદલી નાંખ્યા છે ત્યારે વૈશઅવિક પરિવર્તનોની આવશ્યકતાને અનુકુળ ભારતની યુવાસંપદાની કૌશલ્ય-સામર્થ્યને ઉજાગર કરવાની જરૂર ઉપર તેમણે ભાર મુક્યો હતો. હુન્નર-કૌશલ્ય એ ગરીબમાં શ્રમજીવીની અમાનતા છે અને પોતે ઝુપડપટ્ટી કે સેવાવસ્તીમાં રહેતો હોય પણ પોતાની કૌશલ્ય કારીગરીથી ઉંચી મહેલાતો તૈયાર કરવાનું સામર્થ્ય ધરાવે છે. દેશની નિર્માણ આ કુશળ કારીગરોના હુન્નર-હાથોની કમાલ અને પરિશ્રમના પસીનાના સિંચનથી બને છે એમ જણાવતા ગુજરાતના મુખ્યમંત્રીએ શ્રમનો મહિમા ઉજાગર કર્યો હતો. શ્રમિકનું ગૌરવ અને શ્રમનો મહિમા એ જ ભારતના વિકાસમાં જનશક્તિના વિરાટ સામર્થ્યને સહભાગી બનાવશે એમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આપણા દેશમાં યુવાશક્તિ, બૌધ્ધિકસંપદા, હુન્નર-કૌશલ્યની ક્ષમતા અને વિકાસ માટે કુશળ માનવબળની માંગ-આ બંધુ જ છે પણ તેને જોડીને પ્રગતિમાં ભાગીદાર બનાવવાની બાબતે ઉદાસીનતા છે. વિશ્વમાં સૌથી યુવાદેશ ભારત છે. અને ૭૫ ટકા યુવાનો ૩૫ વર્ષથી નીચેની વયના છે.

## આણંદ ખાતે યોજાનાર પ્રદેશ બેઠક મુલતવી રાખેલ છે

પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજા દ્વારા એક નિવેદનમાં જણાવ્યું છે કે, અતિવૃષ્ટિની પરિસ્થિતિને કારણે ભાજપ ગુજરાતે આવતીકાલ તા. ૨૬-૯-૨૦૧૩ના રોજ આણંદ ખાતે મળનારી પ્રદેશ બેઠક મુલતવી રાખેલ છે. પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખશ્રીઓ અને જિલ્લાના પ્રભારીશ્રીઓની સંયુકત પ્રદેશ બેઠકને મુલતવી રાખીને જિલ્લામાં જે તે વિસ્તારોમાં અસરગ્રસ્તોની વ્હારે સેવાકાર્યમાં લાગી જવા પ્રદેશ કાર્યાલય દ્વારા સૂચના આપી દેવામાં આવી છે.

શ્રી આર.સી. ફળદુ મધ્ય અને દક્ષિણ ગુજરાતના પ્રવાસે પહોંચી ગયા છે. આજે તા. ૨૫-૦૯-૧૩ના રોજ પંડીત દિનદયાળ ઉપાધ્યાયના જન્મ જયંતિ નિમિત્તે પુરપીડિતોની મદદે છેવાડાના માનવીની અંત્યોદય સેવાકાર્ય માટે જોડાઈ જવા પ્રદેશ પ્રમુખશ્રી આર.સી. ફળદુજીએ સૌને અપીલ કરી હતી. ગુજરાતમાં ખાસ કરીને મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં અતિવૃષ્ટિને અસરગ્રસ્તોની મદદે ભાજપાના જિલ્લા અગ્રણીઓ, ધારાસભ્યો, સંસદસભ્યો, પૂર્વ ધારાસભ્યો, સંગઠન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ છેલ્લા બે દિવસથી સેવા કાર્યમાં લાગેલા છે.

### સામાન્ય સભા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવનાર છે.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ તરીકે રાજીનામુ આપનાર શ્રીમતી ભીખીબેન ઠાકોરના રાજીનામાને પણ બહાલી આપવામાં આવનાર છે.

જિલ્લા પંચાયતની આ સામાન્ય સભાને લઈ તંત્રએ પણ તેની તૈયારીઓ પૂરી કરી લીધી છે. તો બન્ને રાજકીય પક્ષોએ પણ તેમની વ્યુહરચના તૈયાર કરી લીધી છે.

કોંગ્રેસ પક્ષના સભ્યોની બેઠક તાજેતરમાં જ સંપન્ન થઈ ગઈ છે અને સભ્યોની નિમણુંકો માટે સભ્યોના મન પણ સંકલન સમિતિ દ્વારા જાણી લેવામાં આવ્યા છે.

બીજી તરફ ભારતીય જનતા પક્ષે પણ નવા વરાયેલા પ્રમુખ સામે આક્રમક રણનીતિ અખત્યાર કરવાની વ્યુહરચના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતનાં નવા જિલ્લા વિકાસ અધિકારી તેમજ નવા જિલ્લા પ્રમુખની પ્રથમ બેઠક હોવાથી રાજકીય ઉત્તેજનાઓ વધુ જામેલી જોવા મળી રહી છે.

### ફાઈટર મૂકાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણી ઉલેચવા મેનપાવર કામે લાગ્યો હતો. જ્યારે વરસતા વરસાદ વચ્ચે પાણી ઉલેચવા તંત્ર દ્વારા ત્રણ ફાઈટરો પણ મૂકવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈન ચોકઅપ થઈ ગઈ હોવાથી પાણીનો નિકાલ ન થતા સમસ્યા સર્જાઈ હતી. વહેલી પરોઢે શરુ થયેલા ધમધોકાર વરાસદના લીધે શહેરના સેકટરમાં પણ ઠેર ઠેર વરસાદી પાણી ઉભરાતું જોવા મળ્યું હતું.

### જળબંબાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનવામાં સમય લાગી શકે છે. પરિસ્થિતિ પર નજર રાખવા ગાંધીનગરમાં બેઠકોનો દોર ચાલી રહ્યો છે. બચાવ અને રાહતકામગીરી પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે. રાજ્યમાંથી સ્થળાંત કરાયેલા લોકોની સંખ્યા ૪૦૦૦૦થી વધારે નોંધાઈ છે. ગાંધીનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ ગુજરાત સરકારે વ્યાપક બચાવ અને રાહતકામગીરી હાથ ધરી છે. દક્ષિણ અને મધ્ય ગુજરાતના અસરગ્રસ્ત વિસ્તારોમાંથી ૪૧૬૩૪ લોકોને ખસેડવામાં આવ્યા છે. સુરત, ભરૂચ, વડોદરામાં લોકોની સ્થિતિને સુધારવાના તમામ પ્રયાસો કરાઈ રહ્ય છે. એક બાજુ સુરત, વડોદરા, ભરૂચમાં પૂરની સ્થિતિ સર્જાઈ ગઈ છે બીજી બાજુ અમદાવાદમાં પણ સતત ત્રીજા દિવસે ધોધમાર વરસાદને કારણે જનજીવન ખોરવાયેલું રહ્યુ હતુ. આજ સવારથી જ ભારે વરસાદ ચાલુ હતો, ધોધમાર વરસાદને કારણે લોકો પરેશાન થઈ ગયા હતા. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ જારી રહેતા હાલત કફોડી બનેલી છે. સુરતમાં પૂર બાદ હવે ભરૂચ અને વડોદરામાં પણ પૂરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

ભરૂચ જળબંબાકાર છે જ્યારે વડોદરામાં પણ પૂરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ભરૂચ, નર્મદા, સુરતમાં શાળા-કોલેજોને બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. ભરૂચ અને નર્મદાના શ્રેણીબદ્ધ ગામો સંપર્ક વિહોણા થઈ ગયા છે. ભરૂચ અને નર્મદાના કુલ સાત લાખથી પણવધુ લોકોને વરસાદની માઠી અસર થઈ છે. બીજી બાજુ સુરતમાં ગઈકાલે વિકટ સ્થિતિ સર્જાયા બાદ આજે સ્થિતિમાં સુધારો થયો હતો. છતાં નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ છે. સુરતમાંપાણી નીચાણવાળા વિસ્તારોમાં પણ ઘટી રહ્યુ છે જેથી લોકોને રાહત થઈ રહી છે. ભરૂચ, નર્મદા અને સુરતમાં હજુ પણ રીક્ષા, એસટી, ટ્રેન સેવા ખોરવાઈ ગઈ છે. પૂર્ણા અને અંબિકા જેવી નદીઓ ભયજન દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદનો દોર જારી રહ્યો છે. રાજ્યમાં હજુ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

ટચૂકડી જાહેર ખબર
**બ્યુટી પાર્લર**
**(લેડીઝ ઓન્લી)**
ધમાકેદાર 4-in-1 ઓફર !!
ફેસિયલ+વેક્સ+બેકમસાજ
+આઈબ્રો વીથ અપરલીપ્સ
**માત્ર રૂ. ૨૫૦/-માં જ**
તે પણ આપના ઘરે બેઠા જ (હોમ સર્વીસ)
મો. : ૯૪૨૬૫ ૬૬૨૦૧
મો. : ૮૭૩૫૦ ૪૨૮૩૦